નમો નમઃ શ્રી ગુરુ નેમિસૂરયે
Jainuniversity.org અને મા સરસ્વતી ભક્તિ ગ્રુપ આયોજીત
સરસ્વતી સમ્યક જ્ઞાન પ્રતિભા શોધ અભિયાન
પ્રેરણા તથા આશીર્વાદ દાતા : જિન શાસન શણગાર પરમ પૂજ્ય
આચાર્ય ભગવંત શ્રી વિજય ચંદ્રોદયસૂરીશ્વરજી મ. સા.ના શિષ્યરત્ન સરસ્વતી સાધક
પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી કુલચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ
સચોટ સવાલના સચોટ જવાબો - અંતર્ગત જ્ઞાન પ્રતિભા ધારક વિજેતાનો જવાબ
અને અન્ય સ્પર્ધકોના જવાબ

## સવાલ નંબર 5

👉 સવાલ નંબર-૫: સવાલની પૂર્વભૂમિકા: સર્વ સમજદાર લોકો યથાયોગ્ય નાનો મોટો ધર્મ પોતાની સમજ પ્રમાણે કરતા હોય છે અને ફળની અપેક્ષા રાખતા હોય છે, પરંતુ...સવાલ: કયો ધર્મ આચરણ કરવાથી મોટો લાભ થાય છે?

👉 सवाल नंबर -5: प्रश्न की पृष्ठभूमि: सभी समझदार लोग छोटे और बड़े धर्म को अपनी समझ के अनुसार करते हैं और फल की उम्मीद रखते हैं, लेकिन ... सवाल: कौन से धर्म का आचरण सबसे ज्यादा लाभकारी है ?

## WINNER - Q 5: ASHA DILIP MEHTA (62) JAMNAGAR-GUJARAT

**WINNER'S ANSWER :**

Asha Dilip Mehta (62) Jamnagar-Gujarat

"કયો ધર્મ આચરણ કરવાથી મોટો લાભ થાય"....
સાચો ધર્મ અહિંસા સંયમ અને તપ ધર્મ જ સાચો ધર્મ છે. સાચો ધર્મ કોને કહેવું ...? તો દરેક લોકો અલગ-અલગ જવાબ આપે ..જેમ કે ચોવીયાર કરવો , કંદમૂળ ના ખાવું,તે ધર્મ ...સામાયીક કરવી તે ધર્મ ,માતા-પિતાની સેવા કરવી ...કે ધર્મ.બધાના જવાબ અંશત: સાચા , પણ આ પૂર્ણ નથી . સાચો ધર્મ દંભ વિનાનો હોવો જોઈએ. તે જ ધર્મ મુક્તિ અપાવનારો બને . "આત્મ શુદ્ધિ સાધનં ધર્મ:" જેનાથી આત્મા સુધી થાય તેને જ ધર્મ કહેવાય. તેવા ધર્મના આચરણથી જ જીવનનો બેડો પાર થઈ જાય. પરમપદ પ્રાપ્ત થાય, તે જ મોટો લાભ.
સમ્યક દર્શન અને સમ્યક જ્ઞાન ની જોડી,
કર્મના ડુંગરને નાખે તોડી,
શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર માં ભગવાને શ્રદ્ધાને પરમ દુર્લભ કહી છે. જો આ બંને સાથે નો ધર્મ આચરણમાં હશે તો દુઃખની વચ્ચે જીવાત્મા અનેરા સુખ ને માણવાનો એક મોટો લાભ થાય. ટુંકમાં સમયકજ્ઞાનથી પદાર્થને સમજે , દર્શનથી તેના પર શ્રદ્ધા કરે , ચારીત્રથી આચરણ કરે ....સાદું જીવન બનાવે , સરળતાને અપનાવે, કપ દ્વારા આત્માને શુદ્ધ કરી ...."મોટો લાભ " મોક્ષની પ્રાપ્તિ ને પામે .....
જયજિનેન્દ્ર

# સવાલ નંબર 5

👉 સવાલ નંબર-૫: સવાલની પૂર્વભૂમિકા: સર્વ સમજદાર લોકો યથાયોગ્ય નાનો મોટો ધર્મ પોતાની સમજ પ્રમાણે કરતા હોય છે અને ફળની અપેક્ષા રાખતા હોય છે, પરંતુ...સવાલ: કયો ધર્મ આચરણ કરવાથી મોટો લાભ થાય છે?

👉 सवाल नंबर -5: प्रश्न की पृष्ठभूमि: सभी समझदार लोग छोटे और बड़े धर्म को अपनी समझ के अनुसार करते हैं और फल की उम्मीद रखते हैं, लेकिन ... सवाल: कौन से धर्म का आचरण सबसे ज्यादा लाभकारी है ?

| | |
|---|---|
| TOP-2-Urvi Shah (30) Ahmedabad | ૐ...સર્વ સમજદાર લોકો યથાયોગ્ય રીતે પોતાની સમજ પ્રમાણે નાનો મોટો ધર્મ કરતા હોય છે અને ફળની અપેક્ષા પણ રાખતા હોય છે તો શુદ્ધ સમ્યક્ત્વ ભાવથી કરેલ ધર્મ કરવાથી મોટો લાભ થાય છે. જિન શાસનમાં દાન શીલ તપ ભાવ એ ચાર પ્રકારે ધર્મ બતાવેલ છે આ દરેક ધર્મનું આચરણ કરવાથી વિશિષ્ટ પ્રકારનું પુણ્ય બંધ થાય છે .ધર્મ એ રીતે કરવો કે જેથી બીજાને પણ કરવાની પ્રેરણા મળે તેમજ આપણે કરેલ ધર્મ ની પ્રશંસાની અપેક્ષા ન રાખવી તેમજ તે ભવિષ્યમાં સારુ ફળ આપશે તેવી પણ અપેક્ષા ન રાખવી. બસ ! માત્ર શુદ્ધ નિર્મલ મનથી ધર્મ કરીએ જાવ.<br>દરેક ધાર્મિક જીવ પોતાની શક્તિ અને ભાવના પ્રમાણે યથાયોગ્ય અભ્યંતર અને બાયક બાહ્ય તપ કરે છે. તેમાં સમતા રાખવી ખૂબ જ અનિવાર્ય છે. મનની ચંચળતાને કાબૂમાં રાખવી જરૂરી છે. વિષય કષાયોથી દૂર રહી આત્મઉન્નતી તરફ આગળ વધવું જોઈએ.<br>સર્વવિરતિ ઉત્તમ ધર્મ છે. ત્યાગ ભાવ ઉત્તમ ધર્મ છે. પંચેન્દ્રિય વિષય કષાયોને કાબૂમાં રાખવા અઘરું છે, પરંતુ મુશ્કેલ નથી. દરેક નાના-મોટા કાર્યમાં જયણા પાળવી, અહિંસા ન કરવી તે પણ શ્રેષ્ઠ ધર્મ છે. શ્રાવકના બાર નિયમ વિગેરે પાળવાથી મોટો લાભ થાય છે. માનવમન રાગદ્વેષથી ભરેલ છે. આ રાગદ્વેષને દૂર કરી માનવ ભવ સફળ કરીએ એ જ શુભ ભાવના ! |
| TOP-3-Kanaklata Mehta (76) Mumbai , Maharshtra | ધર્મ:<br>જીવને દુર્ગતીમા પડતો બચાવે તે ધર્મ. જીવનો સદચિદાનંદ રૂપ સ્વભાવ પ્રગટાવે તે ધર્મ. શાસ્ત્રાનુસાર પ્રભુ પૂજા, સામાયિક, પ્રતિક્રમણ,ઉપધાન વગેરે ધર્મ ક્રિયા શુભ ભાવની છે, પણ તે ધર્મ રૂપે ત્યારે પરિણમે જ્યારે તેમાં ભાવ ભળે. ભાવ એટલે મીંડા આગળ મુકેલો એકડો. ધર્મ ક્રિયાનું ફળ બતાવેલ હોવાથી ધર્મ સંસારિક ઈચ્છા સાથે થાય છે. ફળ તો મળે જ. પણ નિષ્કામ ભક્તિ, ઈચ્છા રહિત ધર્મજ સાચો. માંગવા જેવો, મેળવવા જેવો માત્ર મોક્ષ.<br><br>રાગદ્વેષ, કષાયો, વેરઝેર,ઈર્ષા, અહંકાર ઓછા કરવા, સર્વ જીવ પ્રત્યે મૈત્રી ભાવ,મન વચન કાયા થી કોઈને દુઃખી ન કરવા, ગુણોનું બહુમાન વગેરે મૂળભૂત ધર્માચરણ થી મોટો લાભ. દાન શિયળ, તપ, ભાવ, ---- ચાર ધર્મમાં, દાનમાં નામના , તપમા નિયાણું અપ્રશસ્ય,<br><br>'आणाए धम्मो', જીનાજ્ઞાનુસાર જીવન સાચો ધર્મ. |

## સવાલ નંબર 5

👉 સવાલ નંબર-૫: સવાલની પૂર્વભૂમિકા: સર્વ સમજદાર લોકો યથાયોગ્ય નાનો મોટો ધર્મ પોતાની સમજ પ્રમાણે કરતા હોય છે અને ફળની અપેક્ષા રાખતા હોય છે, પરંતુ...સવાલ: કયો ધર્મ આચરણ કરવાથી મોટો લાભ થાય છે?

**👉 सवाल नंबर -5: प्रश्न की पृष्ठभूमि: सभी समझदार लोग छोटे और बड़े धर्म को अपनी समझ के अनुसार करते हैं और फल की उम्मीद रखते हैं, लेकिन ... सवाल: कौन से धर्म का आचरण सबसे ज्यादा लाभकारी है ?**

| | |
|---|---|
| TOP-4-Ilaben Desai (64) Rajkot, Gujarat | ધર્મ = જે જીવ ને સ્વભાવ માં ધારી રાખે તે ધર્મ<br>આત્મા નો સ્વભાવ જ્ઞાન-દર્શનઅને તેમાં રમણતા પૂર્વક નું ચારિત્ર છે.<br>वत्थु सहावो धम्मो।🙏<br>दंशणं मुलो धम्मो।🙏<br>चारित्र खलु धम्मो।🙏<br>સમ્યક દર્શન તે ધર્મ નું મુળ છે.અને સમ્યક ચારિત્ર તે સમ્યક દર્શન ના મુળ પર ઉગેલું વૃક્ષ છે.<br>*જે જીવ ની ઉપાદાન ની યોગ્યતા પાકી ગઇ હોય, તેની વાસ્તવીક ધર્મયાત્રા ની શરુઆત સદાચાર પાલન રુપી પુણ્ય કર્મ બંધન ના પ્રથમ પગથીયા થી શરુ થઈ, ૮ દ્રવ્યકર્મો ના ક્ષય રુપી સિધ્ધઅવસ્થા પ્રાપ્ત થયે પુર્ણ થાય છે.<br>*સૌ પ્રથમ હું આત્મા છું,અને આ મળેલું શરીર અને સર્વે સંયોગો પર છે.તેવી દ્રઢ માન્યતા કેળવવી. (સમ્યક દર્શન).<br>*ત્યાર પછી તે માન્યતા ના જોરે જે શ્રાવક ની ૧૧ પડીમા, ૧૨વ્રત ને મુનીની સંયમ અવસ્થા માં ૫ મહાવ્રત ના પાલન, જે આ નરભવ માં જ શક્ય છે. શુભ ઉપયોગ થી આગળ વધી ને શુધ્ધોપયોગ રુપી ચારીત્ર જ સાચું અને એક માત્ર મહાન લાભકારી આચરણ છે.બાકી ના બધા આચરણ ના ફળ માં ફક્ત સંસાર જ વધવાનો છે.વૈરાગ્ય (ચારીત્ર) જીવ ના જ્ઞાન ને સંસાર માં કયાંય અટકવા નહીં દે. અને તેના ફળ રુપે મોક્ષ લક્ષ્મી નો મહાલાભ મળશે. જે કાયમ માટે સુરક્ષીત રહેશે.<br>*તો આત્મ શ્રધ્ધાન પુર્વક/સંયમ મારગ નું આચરણ તે જ ફક્ત અને ફક્ત મોટા લાભ મેળવવાનો ઉપાય છે.અને તેજ સાચો ધર્મ છે.<br>જય જીનેન્દ્ર |
| TOP-5-Purvi Shah (43) Mooresville, Nc | દાન/શીલ, તપ અને ભાવ ધર્મમાં ભાવ ધર્મ આચરણ કરવાથી મોટો લાભ થાય છે. મનની શુદ્ધિ મનના વિચારો હરેક વસ્તુ ભાવ પર નિર્ભય કરે છે. દાન આપવાનું મન થશે પણ કેવા ભાવે આપો છો એ વધુ મહત્વનું છે<br>ભાવે ભાવના ભાવીએ ભાવે દીજે દાન<br>ભાવે જિનવર પૂજીએ ભાવે કેવળજ્ઞાન<br>ભાવથી કરેલું દાન/ભાવથી કરેલી પૂજા, ભાવથી પાડેલું શિયળ કે પછી ભાવથી કરેલી ક્રિયા જ કેવળ જ્ઞાન અપાવે છે. ભાવ વિનાના◌ે આચરણ કરેલો ધર્મ મિથ્યા છે. |

# સવાલ નંબર 5

👉 સવાલ નંબર-૫: સવાલની પૂર્વભૂમિકા: સર્વ સમજદાર લોકો યથાયોગ્ય નાનો મોટો ધર્મ પોતાની સમજ પ્રમાણે કરતા હોય છે અને ફળની અપેક્ષા રાખતા હોય છે, પરંતુ...સવાલ: કયો ધર્મ આચરણ કરવાથી મોટો લાભ થાય છે?

**👉 सवाल नंबर -5: प्रश्न की पृष्ठभूमि: सभी समझदार लोग छोटे और बड़े धर्म को अपनी समझ के अनुसार करते हैं और फल की उम्मीद रखते हैं, लेकिन ... सवाल: कौन से धर्म का आचरण सबसे ज्यादा लाभकारी है ?**

## TOP-6-Chandresh Mehta (57) Malad, Mumbai, Maharashtra

અરિહંત પરમાત્માએ પ્રરૂપેલા ધર્મને ગુરુદેવ દ્વારા સમજાવવામાં આવે છે તે જ સાચો ધર્મ છે.

ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ આ ચાર પુરુષાર્ત છે. ધર્મથી જ બાકીના સિદ્ધ થાય છે માટે ધર્મ સર્વશ્રેષ્ઠ છે. પ્રચંડ શ્રદ્ધાથી "નાનો" પણ ધર્મ થાય તો મહાન લાભ આપનારો બને છે.

૧. દાન ધર્મ:- સુપાત્ર દાનથી સમ્યક્ત્વ પમાય. દાનમાં પ્રભુ અને ધર્મને આગળ કરતા પુણ્યાનુબંધ પુણ્ય બંધાય છે.

૨. તપ ધર્મ:- તપ આરાધના દ્વારા કષાયોનો સંવર કરવો, કર્મ નિર્જરા થાય.

3. શીલ ધર્મ:- ઉચ્ચકોટીનું ચારિત્ર પાલન કરવાથી આત્માનું કલ્યાણ થતા મોક્ષ પ્રાપ્તિ થાય છે.

૪. ભાવ ધર્મ:-ભાવ પૂર્વક જિન આજ્ઞા પ્રમાણે કરેલી આરાધના આત્મ કલ્યાણ માટે આડે આવતા અંતરાયોનુ દમન કરે છે.


૫. જીવદયા ધર્મ:- દયાએ ધર્મનું મૂળ છે. દયાળુજીવ જીવ હિંસાના દારુણ વિપાકને જાણે છે તેથી પાપકર્મોનો બંધ થતો નથી.

૬. સાધર્મિક ભક્તિ:- શ્રદ્ધાપૂર્વક અને સ્વાર્થવૃતી વગર કરવામાં આવતી સાધર્મિક ભક્તિ કર્મ નિર્જરા કરે છે.

૭. ગુરુ ધર્મ:- ગુરુધર્મ શ્રેષ્ઠ છે. ગુરુના વચનો દ્રઢપુર્વક અને શ્રધ્ધાપુર્વક માનવા જોઈએ. ગુરુ વેયાવચ્ચ સૌથી ઉત્તમ પ્રકારનું ફળ આપનારું છે.

" જે જીવને સુખની આકાંક્ષા હોય તો ધર્મનું આચરણ કરવાથી નિશં:ક પણે અહિં અને પરલોકમાં સકળ કલ્યાણની પ્રાપ્તિ કરતા મોટો લાભ આપનારું બને છે."

## TOP-7-Pravina Shah (63) Mumbai Maharashtra



સવાલ : ૫ કયો ધર્મ આચરણ કરવાથી મોટો લાભ થાય છે?
જવાબ : ૫

ધર્મનો મર્મ સામર્થ્ય સાથે, વડીલ સેવા, ગુરુજનો વિનય વૈયાવચ્ચ, દરેક પ્રત્યે બહુમાનભાવ, વ્રત, વચનપાલન, ધર્મ આસ્થા સાથે સાધક બની, ત્યાગ ભક્તિ, તન, મન, ધનના યોગદાન સામાજિક, ધાર્મિક, કૌટુંબિક ક્રિયાઓ, પાલન કરવાથી મળેલા પુણ્યની બરબાદી ન કરતા અતૂટ શ્રદ્ધા થી આત્મ દર્શન સાથે. સંગમ નો જીવ ગોભદ્ર શેઠને ત્યાં શાલિભદ્ર બન્યો પુણ્યધર્મનો પ્રભાવ. આચરણ વાળો ધર્મ.

મનને તાજુ રાખો, સદ્ગુરુના સાથ, આત્માની તારણ નક્કી

Lazy, busy, Easy, આગ્રહ, આવેશ, લગાવ, ફળની અપેક્ષા જીવનમાં વિગ્રહો પેદા કરે છે.

સ્વચ્છ સ્વામી રાગ, રાગના ત્યાગ વિના મુક્તિ ક્યાંથી? લાભ ક્યાંથી?
સ્વ જીવન પર નિયંત્રણ સ્વ, સમાજ, દેશનું કલ્યાણ નક્કી. ધર્મમય યોગ, પ્રયોગ દ્વારા પ્રેમ, પ્રસન્નતા પ્રાપ્ત થાય પછી પરમગતિ પ્રાપ્ત નક્કી.


Pravina Shah (m) 9819519110
D-1/3 Dwarkesh Park,
Ground Floor Behind H.D.F.C. Bank,
Saibaba Nagar, Borivali (w)
Mumbai - 400092.

# સવાલ નંબર 5

👉 સવાલ નંબર-૫: સવાલની પૂર્વભૂમિકા: સર્વ સમજદાર લોકો યથાયોગ્ય નાનો મોટો ધર્મ પોતાની સમજ પ્રમાણે કરતા હોય છે અને ફળની અપેક્ષા રાખતા હોય છે, પરંતુ…સવાલ: કયો ધર્મ આચરણ કરવાથી મોટો લાભ થાય છે?

👉 **सवाल नंबर -5: प्रश्न की पृष्ठभूमि: सभी समझदार लोग छोटे और बड़े धर्म को अपनी समझ के अनुसार करते हैं और फल की उम्मीद रखते हैं, लेकिन ... सवाल: कौन से धर्म का आचरण सबसे ज्यादा लाभकारी है ?**

TOP-8-Pradipkumar Amrutlal Tolia, Rajkot, Gujarat



મોબા:- [illegible]
શ્રી મહાવીરાય નમઃ
સદ્ગુરુદેવ નમઃ
પ્રદીપકુમાર એ. તોલીયા
રાજકોટ-૨

સવાલ-(૫)
કયો ધર્મ આચરણ કરવાથી તમો લાભ મળે છે?


જવાબ:-(૫)
અનેક ધર્મો છે ને અનેક અનુયાયીઓ છે! સ્વાર્થ જગતમાં ફળ ની આશાએ જ ધર્મ કરાય છે! "લાભ લાભ વિના ના લોટે" એ પુવર્તમાન કહેવત સાર્થક છે. માત્ર ધર્મ કરવાથી કંઈક તો ક્રિયાફળ મળે જ છે. કારણ કોઈ ધર્મક્રિયા વાંઝણી નથી. પરંતુ જ્ઞાની કહે છે કે ધર્મનો મર્મ જાણો તેનો મર્મ જાણો ને તેને આચરણમાં મુકીને તેનો પ્રભાવ માણો. ખરેખર એ વાત તદ્દન ખરી છે. પરંતુ જૈનધર્મ ખાસ ભાર 'આત્મકલ્યાણ' ઉપર મુકે છે. જૈનધર્મ ફળ સ્વરૂપે મોક્ષફળની કામના કરે છે. તો અત્રે એ શ્રેષ્ઠ સાબિત થાય છે કે આત્માલક્ષી ધર્મ ને સુક્રિયા ને સુપાત્ર દાન કરો કે જેનાથી પુણ્યઅંશો આપણા ખાતામાં ૧૦૦% લાભના આંક જમા થાય. કર્મની નિર્જરા થતી રહે ને કર્મોનો ક્ષય થતો રહે. માટે આત્મલક્ષી ધર્મ લાભ આપે છે.
"આત્મા સો પરમાત્મા"

સ્થળ-રાજકોટ
તા-૯-૭-૨૦૨૦
શ્રી [illegible]

પ્રેષક:-
પ્રદીપકુમાર અમૃતલાલ તોલીયા
૫/કુંભારવાડી,
'ખોડીયાર દર્શન'
રાજકોટ-૩૬૦૦૦૨
[ગુજરાત]

#VALUE!

TOP-9-Bharti Bharat Lodaya



कौनसे धर्म का आचरण सबसे ज्यादा लाभकारी है?

जो धर्म आत्मा को उसकी अंतिम मंजिल 'मोक्ष' तक पहुंचाये वो सबसे ज्यादा लाभकारी है। जीव का परिभ्रमण संसार में 'कर्मों' के कारण है तो आते हुए नये कर्मो के उपार्जन को संवर के माध्यम से रोकना आवश्यक है. इसमें संवर के 57 भेद जैसे पांच समिति, तीन गुप्ति, 22 परिषह, 10 यतिधर्म व बारह भावनाये सहायक है।

जीव अनंतकाल से भटकते हुए अनंत कर्मो का संचय करता आया है उन्हें निर्जरा के माध्यम से क्षय करना जरूरी है जिसके छ: बाह्य तप व छ: अभ्यंतर तप जैसे भेद है। आत्मा के तपश्चर्या आदि वाले शुद्ध परिणाम भाव निर्जरा कहलाते है याने स्वेच्छापूर्वक जिनाज्ञायुक्त तप सकाम निर्जरा द्वारा कर्मक्षय में सहायक है। ऐसे ही धर्म का आचरण जीव के लिये सर्वोत्तम है जो आत्मा का कल्याण कर मोक्ष मार्ग की ओर अग्रसर करे याने आत्मलक्षी धर्म लाभकारी है।

सौ. भारती भरत लोडाया
जलगांव
9420388533

#VALUE!

Saraswati Samyak Gyaan Pratibha Q-5

| સવાલ નંબર 5 | |
|---|---|
| 👉 સવાલ નંબર-૫: સવાલની પૂર્વભૂમિકા: સર્વ સમજદાર લોકો યથાયોગ્ય નાનો મોટો ધર્મ પોતાની સમજ પ્રમાણે કરતા હોય છે અને ફળની અપેક્ષા રાખતા હોય છે, પરંતુ...સવાલ: કયો ધર્મ આચરણ કરવાથી મોટો લાભ થાય છે? | |
| 👉 सवाल नंबर -5: प्रश्न की पृष्ठभूमि: सभी समझदार लोग छोटे और बड़े धर्म को अपनी समझ के अनुसार करते हैं और फल की उम्मीद रखते हैं, लेकिन ... सवाल: कौन से धर्म का आचरण सबसे ज्यादा लाभकारी है ? | |
| TOP-10-Surekha Shah (0) Khetwadi, Mumbai, Maharashtra | ધોખા બાજી કે ધાક-ધમકીથી ધનિક થવાની ધૃષ્ટતા તે ધન અને ધંધાનું ધીરે ધીરે ધોવાણ કરી ધૂળધાણી કરશે જ્યારે ધગશ ધીરજ અને ધરપત ના ધારા ધોરણથી કરેલો ધંધો ધંધા-રોજગારને ધીમે ધીમે ધરખમ કરી ધન અને ધંધાને ધન્ય કરશે<br>ધાંધલ ધમાલ અને ધિક્કારને ધ્વસ્ત કરીને ધૈર્ય થી ધ્યાન ધરીશું<br>ધરતી ના ધર્મ ને તો ધુમ્મસ રૂપી ધૂંધળો ધુમાડો ધોવાઈ ધૂપસળી નો ધૂપ ધન્ય કરી ધરતીના ધ્યેય અને ધાન્ય ને ધરતી માં ઓછા થશે ધરતીકંપ<br>આ જ્યારે ધરીશુ ધર્મ હૈયે તો ધરતી નું ધામ તે બનશે સાચા સુખનું સાચું ધામ સર્વે અને સદા માટે |
| TOP-11-Rita Shah (0) Hyderabad Telangana | जय जिनेंद्र जय गुरुदेव<br>जैन धर्म का आचरण सबसे ज्यादा लाभकारी है जिंदगी भर दौड़ दौड़ के धन को जोड़ता है आदमी कमाने के चक्कर में मुख मोड़ ता है आदमी घर-घर में बढ़ती बीमारियां और सुख शांति की कमी के कारण धर्म का अभाव और पाप का प्रभाव बढ़ जाता है जैन धर्म समझाता है 6 काय के जीवो की रक्षा करना जैन धर्म में सामायिक करने से अभय दान देने से साता वेदनीय कर्म का बंध होता हैकेवल 48 मिनट सामायिक करने से 18 प्रकार के पापों का त्याग होता है 8 कर्मों का क्षय और समभाव की प्राप्ति होती हैजैन धर्म में कहा गया है स्वाध्याय पढ़ने से प्रवचन सुनने से ज्ञान ध्यान करने से ज्ञान बढ़ता है और ज्ञाना वर्णय दर्शना वर्णय कर्म का क्षय होता है जैन धर्म का पालन करने से मन को समभाव में रमण करने से मोहनिय कर्म के निर्जरा होती है जैन धर्म को मानने वाला व्यक्ति मन का सरल दया करुणा में रखने वाला होता है क्योंकि भगवान महावीर का सूत्र है जियो और जीने दो अहिंसा परमो धर्म है जैन धर्म में छोटे-छोटे नियमों का पालन करके भी जजीव मोक्ष को प्राप्त कर सकता है जैन धर्म बंधन नहीं बंधनों से मुक्ति है भाग्यवान से भगवान बनने की युक्ति है<br>जय जिनेंद्र |